PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmai l.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૯/કવા-૦૨/૧૭-૧૮/ 2249 તા. 11.10.17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ચિમનભાઈ નાનજીભાઈ ગોળ,
ગામ: દેરડી (કુંભાજી)
તા. ગોંડલ
જી. રાજકોટ
મો: ૯૪૨૭૭ ૨૯૪૧૬

વિષય :-શ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ ના પૈસા ભરવાની મંજુરી બાબત
સંદર્ભ:- આપની અરજી , તા. ૦૪-૦૯-૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૯/કવા-૦૨/૧૭-૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વાસાવડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૯/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગઃ તા. ૧૦–૧૦–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામઃ ચિમનભાઈ નાનજીભાઈ ગોળ, ગામઃ દેરડી (કું)

રજુઆત કરનારઃ અરજદાર શ્રી ચિમનભાઈ નાનજીભાઈ ગોળ હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વાસાવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

**ફરીયાદ : થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ ના પૈસા ભરવાની મંજુરી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ નવા ૧૦ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની અરજી કરતા, સબંધક કચેરી તરફથી તા.૧૬–૦૫–૧૭ ના રોજ પાઠવવામા આવેલ, જેની તારીખ : ૧૫–૦૬–૧૭ ની હતી. જેમા ૭–૧૨,૮–અ,હકક પત્રક નં–૬ અને પાણીપત્રક નં–૧૬ ની નકલ રજુ કરવા જણાવેલ હતુ. માંગણી મુજબ નુ વીજ જોડાણ સર્વે નંબરઃ ૨૯ પૈકી ૩ પૈકી ૧ મા કુવો મજમુ હતો. જેમા, ભાઈઓની સંમતી લેવાની હોય, ભાઈઓ વચ્ચે તકરાર હોવાથી – સંમતી મળેલ ન હોવાથી, મુદત ચુકાઈ ગયેલ હતી. જો ભાવપત્રક મા ગુજરાતી મા જણાવેલ હોત કે – તારીખ ચુકી ગયેલા હોત તો – મુદત માંગવી ફરજીયાત છે. તો હુ સમયસર મુદત માંગી શકત, આમ અરજદારે ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ , વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – સદર ફરીયાદી અરજદારે તા.૨૩–૦૮–૧૧ ના રોજ ની અરજી ના અનુસંધાને – અગ્રતાક્રમ મુજબ વારો આવતા – પીજીવીસીએલ દ્વારા તા.૧૬–૦૫–૧૭ ના રોજ ભાવપત્રક પાઠવવામા આવેલ, જેની અંતીમ તારીખ : ૧૫–૦૬–૧૭ ની હતી. જેના અનુસંધાને, અરજદાર શ્રી દ્વારા સમયમર્યાદા વધારવા માટે ની અરજી – પીજીવીસીએલ ની સબંધક કચેરી મા કરેલ નથી. તેમજ, અરજદાર શ્રી એ પીજીવીસીએલ ની વાસાવડ પેટા વિભાગીય કચેરી નો કોઈપણ સંપર્ક કર્યા વગર – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર – રાજકોટ મા અરજી કરેલ છે. આમ, અરજદાર શ્રી દ્વારા સમયમર્યાદા મા ભાવપત્રક ભરપાઈ કરાયેલ ન હોય, તેમજ ભાવપત્રક ભરપાઈ કરવાની જરૂરી સમયમર્યાદા માંગેલ ન હોય, પીજીવીસીએલ ની સબંધક કચેરી કક્ષાએથી કોઈ પ્રક્રીયા કરાયેલ નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, સદર ફરીયાદી અરજદારે તા.૨૩–૦૮–૧૧ ના રોજ ની અરજી ના અનુસંધાને – અગ્રતાક્રમ મુજબ વારો આવતા – પીજીવીસીએલ દ્વારા તા.૧૬–૦૫–૧૭ ના રોજ ભાવપત્રક પાઠવવામા આવેલ, જેની અંતીમ તારીખ : ૧૫–૦૬–૧૭ ની હતી. જેના અનુસંધાને, અરજદાર શ્રી દ્વારા સમયમર્યાદા વધારવા માટે ની |

| | |
|---|---|
| | અરજી – પીજીવીસીએલ ની સબંધક કચેરી મા કરેલ નથી. તેમજ, અરજદાર શ્રી એ પીજીવીસીએલ ની વાસાવડ પેટા વિભાગીય કચેરી નો કોઈપણ સંપર્ક કરાયેલ ન હોય, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર – રાજકોટ મા તા.૦૪–૦૯–૧૭ ના રોજ અરજી કરેલ છે. આમ, અરજદાર શ્રી દ્વારા સમયમર્યાદા મા – પીજીવીસીએલ મા મુદત વધારવા માટે ની અરજી કરેલ ન હોય, અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ ના જોડાણ માટે નુ ભાવપત્રક આપી શકાય નહી. સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી તે મુજબ નો નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ ના જોડાણ માટે નુ ભાવપત્રક આપી શકાય નહી. તે મુજબ ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.